ક્રમાંક:સ્ટેમ્પ/નક્ષણ/૨૨૪/૦૬ | ૩૦૮૪

સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩-સી, ખ રોડ
ગાંધીનગર.
તા ૧૮/૪/૨૦૦૭.

વંચાણમાં લીધુ:- (૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના પત્ર નં.એસટીપી/૧૦૨૦૦૭/૮૦૦/હ-૧(પાર્ટ-૨) તા.૬/૩/૦૭

(૨) કચેરીનોંધ:- તા.૧૭/૩/૦૭ તથા તા.૨૮/૩/૦૭.

**પરિપત્ર.**

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની કલમ-૨(ઢ) માં "લેખ" (INSTRUMENT) એટલે "જે કોઈ દસ્તાવેજ ઉપરથી કોઈ હક અથવા જવાબદારી ઉભી થાય છે, તબદીલ થાય છે, મર્યાદિત બને છે, વિસ્તૃત થાય છે, નષ્ટ થાય છે, અથવા નોંધવામાં આવે છે. અથવા તેવી રીતે થયાનું અભિપ્રેત થતુ હોય" તેવા દરેક દસ્તાવેજનો સમાવેશ થાય છે. અને આવા લેખ પૈકીથી "જંગમ અથવા સ્થાવર મિલકત અથવા કોઈ પણ અસ્કયામત અથવા કોઈ પણ મિલકતમાંનું હિત કોઈપણ હયાત વ્યકિતને તબદીલ કરવામાં આવતું હોય, અથવા તેમાં નિહિત થયેલ હોય કે અભિપ્રેરીત હોય તેવા મિલકતની તબદીલી અંગેના લેખોનો" સમાવેશ "માલિકી ફેરખત" માં થાય છે. અને આવા લેખો અધિનિયમની અનુસુચિ-૧ ના આર્ટીકલ -૨૦ મુજબ સ્ટેમ્પ ડયુટીને પાત્ર બને છે.

આ સંદર્ભમાં સહકારી ગૃહ મંડળી તથા કંપની અધિ.હેઠળ નોંધાયેલ કંપની વ્યકિત તરીકેનું અલગ અસ્તિત્વ ધરાવતી હોવાથી સહકારી ગૃહમંડળીની મિલકતો કંપનીને તબદીલ થાય તેવા કિસ્સામાં થતાં વ્યવહાર સંબંધિત લેખનો ઉપર જણાવેલ "માલિકી ફેરખત"ની વ્યાખ્યામાં સમાવિષ્ટ થાય અને આર્ટીકલ -૨૦ મુજબ સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરવાની રહે છે.

આથી અત્રેના નિયંત્રણ હેઠળના જિલ્લા કક્ષાના તમામ નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર તેમ જ તમામ નોંધણી અમલદારો ને જણાવવાનું કે, ઉપરોકત જણાવ્યા મુજબના મિલકતોની તબદીલી અંગેના વ્યવહારોમાં મુંબઈ સ્ટેમ્પ અધિ. ૧૯૫૮ ની જોગવાઈઓ અને સંલગ્ન અનુસુચિ-૧ ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવા તથા સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કર્યા સિવાયના કીસ્સાઓ માલુમ પડે તો અધિ.ની કલમ-૩૩ તથા ૩૯(૧)(બી) મુજબની કાર્યવાહી હાથ ધરી ખુટતી સ્ટેમ્પ ડયુટી વસુલ કરવા જણાવવામાં આવે છે.

ઉકત પરિપત્ર મળ્યા બદલની પહોંચ મોકલી આપવી.

નોંધ ઉપર સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સશ્રીએ
આપેલ આદેશ અનુસાર.

સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સ,
ગુ.રા.ગાંધીનગરવતી.

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર
તમામ.............

નકલ સવિનય રવાનાઃ– સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગ, હ–૧ શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ.

નકલ રવાના :– નાયબ નોંધણી સર નિરિક્ષકશ્રી, ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારું.

નકલ રવાનાઃ– તમામ નોંધણી નીરીક્ષકશ્રી, તરફ જાણ સારું. તથા તાબા હેઠળના તમામ સબ.રજી.શ્રીઓને પરિપત્રની જાણ કરવા તથા અમલ કરવા જરુરી સુચના અપાઈ જવા સારું.

નકલ રવાનાઃ– રહસ્ય સચિવશ્રી,
સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સની કચેરી,
ગુ.રા.ગાંધીનગર.

નકલ રવાનાઃ– તમામ શાખાઓ તરફ જાણ સારુ.